ગાંધીનગર સમાચાર





ગોરમાનો વર તો કેસરીયો - નાની-નાની બાલિકાઓ ગૌરીવ્રતના મંગલાચરણે કાલીઘેલી ભાષામાં પૂજન-અર્ચન કરે છે... શ્રદ્ધાપૂર્વક પૂજન કરતી બાલિકાઓના ચહેરા પર ગૌરીવ્રતનો મહિમા સમજનાની જીજ્ઞાસાવૃત્તિ પણ વર્તાય છે અને સાથે સાથે વ્રતના નિયમોને ઉત્સવમાં પલ્ટાવાની તત્પરતા પણ અનુભવાય છે... કાજુ-દ્રાક્ષ અને મીઠાઈ ખાવાની મજા આવશે એવો ભાવ ગૌરીવ્રતના પ્રારંભે જ બાલિકાઓ વ્યક્ત કરે છે...

# દબાણના મુદ્દે ભાજપ-કોંગીનો એક જ રાગ

**ખાનગી પ્લોટોમાં થયેલા દબાણો સામે પગલાં નહિ લેવાય તો એક મહિના પછી કોંગ્રેસની ઉપવાસ આંદોલનની ચીમકી : જીતુ રાયકા : વિકાસ નકશાનો ભંગ થયો હશે અથવા જીડીસીઆરનો ભંગ હશે તો પગલાં લેવાશે : મેયર : બાંધકામ ચાલુ હોય ત્યારે જ તંત્ર દ્વારા અસરકારક મોનીટરીંગની હિમાયત કરતા પૂર્વ મેયર : દબાણોની સમસ્યા ઉકેલવાનો સમય આવી ગયો છે : ભાજપ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં ગેરકાયદે દબાણોને લઈ ભાજપ-કોંગ્રેસના સભ્યો સૌની સાથે એક સરખો વ્યવહાર તંત્ર રાખે તેવો આગ્રહ કર્યો હતો. માત્ર ગરીબોને હટાવવા અને બિલ્ડરોને ઘી કેળાં કરાવવાની વાત સાંખી નહિ લેવાય. આ મહાનગરપાલિકા મધ્યમવર્ગ અને સામાન્ય પ્રજાના મતથી બનેલી છે તેવો રોષ કોંગ્રેસી સભ્ય જીતુ રાયકાએ વ્યક્ત કરી એક મહિનામાં ગેરકાયદે દબાણો કરનારા માલેતુજારો સામે પગલાં નહિ લેવાય તો કોંગ્રેસ પક્ષના સભ્યો મનપામાં ઉપવાસ આંદોલન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે ગાંધીનગર મહાનગરપાલિકાની મળેલ સામાન્ય સભામાં શહેરમાં વધતા જતા ગેરકાયદે દબાણોના મુદ્દે સારી એવી



ચર્ચાઓ થઈ હતી. મેયર પ્રવિણ પટેલે પણ સભ્યોને એવી હૈયાધાર પણ આપી હતી કે જીડીસીઆર કે બી.યુ. પ્લાન પહેલા રજુ કરેલા વિકાસ પ્લાનમાં સ્હેજપણ ભંગ થયો હશે તો તંત્ર તેની સામે પગલાં લેશે.

મેયર પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે મને પણ દબાણોને લઈ કેટલીક ફરિયાદો મળી છે. ક્યાંક વિકાસ નકશામાં આડેધડ ફેરફાર કરી ખોટી રીતે બી.યુ. પરમીશનો અપાઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## મેન પાવર સપ્લાયનું ટેન્ડર રદ કરવાના નિર્ણયની તપાસ કરો : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સામાન્ય સભામાં મેન પાવર સપ્લાય કરવાનું ટેન્ડર જે રીતે રદ કરવામાં આવ્યુ છે તેમાં કંઈક ભ્રષ્ટાચાર થયાની બદબુ આવી રહ્યાનો ગંભીર આક્ષેપ કોંગીના યુવા કાઉન્સીલર અંકિત બારોટે કરતાં ગૃહમાં હોબાળો મચી ગયો હતો અને પરિસ્થિતિ વણસે તે પૂર્વે જ મેયરે સભા સમાપ્તીની જાહેરાત કરતાં કોંગી સભ્યોએ આ સામે પ્લે કાર્ડ બતાવી નિર્ણયનો વિરોધ કર્યો હતો.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલી આજની સામાન્ય સભામાં કોંગીના યુવા કાઉન્સીલર અંકિત બારોટે આ મુદ્દો રજુ કરતાં જણાવ્યું હતું કે સ્થાયી સમિતિમાં ટેન્ડર મંજૂરી માટે રજુ થયો ત્યારે તંત્રએ કેમ તપાસ ના કરી, સ્ટેન્ડીંગ કમિટીએ બહાલ રાખેલ ટેન્ડર રદ કરી કમિશનરે કમિટીનું અવમાન કરેલ છે આ બાબતે તપાસ થવી જોઈએ એટલુ જ નહિ મનપાને થનારા આર્થિક ભારણ માટે જવાબદાર કોણ છે તે પણ સ્પષ્ટ થવુ જોઈએ.

કાઉન્સીલર અંકિત બારોટના ધારદાર આક્ષેપોને લઈ સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ અને સભ્ય કાર્તિક પટેલ ઉભા થઈ ગયા હતા. તેમણે બારોટના આક્ષેપો ફગાવી ખોટા આક્ષેપો કરવાની આ જગ્યા નથી એમ જણાવી વિરોધ કર્યો હતો.

બારોટે આમ છતાં બોલવાનું ચાલુ રાખતાં મામલો ગરમાયો હતો. આથી મનુભાઈ પટેલ અને ભાજપના સભ્યો વધુ ઉશ્કેરાયા હતા ત્યારે મેયર પ્રવિણ પટેલને પરિસ્થિતિ વણસતી જતી હોવાનું જણાતાં તેમણે પરત જ સભા સમાપ્તીની જાહેરાત કરી દીધી હતી.

આ પછી ઉશ્કેરાયેલા કોંગીના કાઉન્સીલરોએ પ્લે કાર્ડ બતાવી અને રીટેન્ડરીંગ મામલે તપાસ કરોની માંગ કરી હતી.

બારોટે સભા બાદ વાતચીતમાં જણાવ્યું હતું કે રિટેન્ડરીંગની પ્રક્રિયા વ્હાલા-દવલાં માટે કરવામાં આવી રહી હોવાની અમને શંકા છે અને જો આવું કંઈ પણ હશે તો અમે તેનો ઉગ્ર વિરોધ આગામી દિવસોમાં પણ કરતાં અચકાઈશુ નહિ.

અંકિત બારોટે આજની આ સામાન્યસભા પૂર્વે પણ આ મુદ્દે કમિશનરને પત્ર લખ્યો હતો જેનો જવાબ પણ કમિશનરે આપી દીધો છે એટલે ખોટા વિવાદોને ટાળવા માટે સભા સમાપ્તીની જાહેરાત કરી હોવાનું મેયર એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

## ગાંધીનગર એસ.ટી. ડેપોમાં જી.પી.એસ. સિસ્ટમ કાર્યરત

**મુસાફરો બસોનુ લોકેશન જાણી શકશે : એક્સપ્રેસ બસોમાં સિસ્ટમ એકટીવ હવે શહેરી બસોમાં પણ કાર્યરત થશે**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા માટે તબક્કાવાર મુસાફરલક્ષી સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે. આમ નાગરિકોને સમયસર અને ઝડપી બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે રૂટો વધારવાની સાથે જરૂરી ફેરફાર પણ કરવામાં આવી રહયા છે.

ડેપોમાં સલામત સવારીની મોટાભાગની બસા નવી હોવાના લીધે બ્રેકડાઉનના કિસ્સાઓ પણ ઘટી ગયા છે. જયારે ડેપોમા કીલોમીટર પુરા થઇ ગયા હોય તેવી બસો પણ આંગળીના વેઢે ગણાય તેટલી જ છે. ત્યારે ગાંધીનગર ડેપોને હજુ નવી ૧૧ બસો ફાળવવામાં આવશે. જેના લીધે બરોડા સહીતના રૂટમાં વધુ બસો દોડાવાશે. ડેપોમા મુસાફરલક્ષી સુવિધાઓને અપગ્રેડ કરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહયુ છે. જેમાં હવે જી પી એસ સિસ્ટમ પણ એકટીવ કરી દેવામાં આવી છે.

જી પી એસ સિસ્ટમના લીધે મુસાફરો બસોનુ લોકેશન જાણી શકશે આ માટે ડેપો સંકુલમાં સ્ક્રીન પણ ગોઠવી દેવાયા છે. હાલ ગાંધીનગર ડેપોમાં આવતી એકસ્પ્રેસ બસોમાં જી પી એસ સિસ્ટમ કાર્યરત કરી દેવાઇ છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવાને અનુલક્ષીને પણ આગામી દિવસોમાં જી પી એસ સિસ્ટમ કાર્યરત કરી દેવાશે. જેના લીધે બસની વાટ નિહાળીને ઉભા રહેતા મુસાફરોને સતત બસના લોકેશનની પણ માહીતી મળી રહેશે. બસની રાહ જોવામાં મુસાફરોએ સમય બગાડવો નહી પડે. મુસાફરો માટે વિવિધ સુવિધાઓ ઉભી કરવા માટે ડેપો તંત્ર દ્વારા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહયુ છે. આમછતા સલામતીનો મુદ્દો હજુ પણ રામભરોસે છે.

ડેપો સંકુલમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા માટે કોઇ નિર્ણય લેવાયો નથી. છેલ્લા ત્રણ વર્ષથી પોલીસ ચોકી માટે જગ્યા નિયત કરી શકાઇ નથી. મુસાફરોના ખિસ્સા સલામત નથી. પરંતુ એસ ટી નિગમ દ્વારા પણ સલામતીનો મુદ્દો જાણે હાંસિયામાં ધકેલાઇ દેવાયો હોય તેવો આક્રોશ પ્રબળ બન્યો છે.

## નવુ બોર્ડ બને ૩ મહિના થયા પણ વિકાસના કયા કામો માટે નાણાં ફાળવવા તેનો નિર્ણય થયો નથી : વિંઝુડા

**આગામી સ્થાયી સમિતિમાં આ અંગેની નીતિ તૈયાર થઈ જશે; અત્યારે ટ્રી ગાર્ડ માટે રકમ ફાળવી શકો છો : મેયર**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાનું બીજુ બોર્ડ બન્યા ને પણ ત્રણ માસ જેટલો સમય થઈ જવા પામ્યો છે છતાં હજુ કાઉન્સીલરોને તેમના વિસ્તારમાં વિકાસના કામો માટે નાણાં ફાળવણી અંગેની નીતિનો પરિપત્ર નહિ કરાયો હોવાની ઉગ્ર રજુઆત કોંગ્રેસના સિનીયર કાઉન્સીલર ચીમનભાઈ વિંઝુડાએ કરી એક જ મુદ્દાને લઈ સામાન્ય સભા યોજવાના વલણ સામે વિરોધ નોંધાવ્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરોને તેમના વોર્ડમાં વિકાસ માટે રૂ. ત્રણ લાખની રકમ ફાળવવામાં આવી છે પણ આ અંગેની કોઈ સ્પષ્ટ સૂચનાઓ ન હોવાથી કાઉન્સીલરો કામ સૂચવી શકતા નથી.

સામાન્ય સભામાં આ મુદ્દે વિંઝુડાની રજુઆત બાબતે મેયરે જણાવ્યું હતું કે ટ્રી ગાર્ડ માટેની સૂચના તંત્રના અધિકારીઓ દ્વારા આપવામાં આવી છે. તેમણે વધુ ને વધુ વૃક્ષો વાવવા અને તેનુ રક્ષણ અને જતન કરવાનો પણ આગ્રહ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર



પીનકોડ નંબર - આજકાલ કોઈપણ માહિતીપત્ર ભરવામાં ડગલે ને પગલે પોસ્ટ ઓફીસના પીનકોડ નંબરની જરૂરિયાત વર્તાય છે... ગાંધીનગરમાં આજ સુધી આ પીનકોડ નંબર સંદર્ભે ભારે દ્વિધા વર્તાતી હતી... કયા સેક્ટરનો કયો પીનકોડ નંબર હશે એ બહુ ઓછાને જાણકારી હતી... હવે દરેક સેક્ટરમાં અને દરેક વિસ્તારમાં પોસ્ટ ઓફીસના પીનકોડ નંબરને દર્શાવતા બોર્ડ લગાવાઈ રહ્યા છે... જે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી નિવડશે...

# નવા સેક્ટરોમાં આંતરિક માર્ગોના કામ માટે મનપા ગ્રાન્ટ ફાળવશે

ગાંધીનગર તા૧૫

શહેરમાં નવા સેકટરોમાં આંતરિક માર્ગોની હાલત અત્યંત બિસ્માર જોવા મળી રહી છે. સેકટરોના આંતરિક માર્ગાની દશા ખરાબ છે. સે ૧ થી ૫ માં રસ્તાનુ કામ અંદાજિત ૫ વર્ષ અગાઉ કરવામાં આવ્યુ હતુ. સેકટરોમાં રસ્તાઓનુ કામ હાથ ધરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી.પરંતુ વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી ન મળતા હજુ સુધી રસ્તાનુ કામ હાથ ધરી શકાયુ નથી.

જયારે હવે કોર્પોરેશન દ્વારા નવા સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે રકમ ફાળવવામાં આવે તે માટે તંત્ર દ્વારા વિભાગની સર્કલ કચેરીને દરખાસ્ત મોકલી દેવામાં આવી છે. જે અન્વયે સર્કલ કચેરી દ્વારા કોર્પોરેશન રસ્તાની કામગીરી માટે ખર્ચની રકમ ફાળવે તે માટે દરખાસ્તને મુવ કરાશે.

## સે ૧ થી ૫ માં રસ્તાઓ ઉબડ ખાબડ સેકટરવાસીઓ પરેશાન

સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. વરસાદી ઋતુની શરૂઆતમાં જ રસ્તાઓ ઉબડખાબડ બનતા સ્થાનિક રહીશોએ પારાવારા હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. નવા સેકટરોમાં રસ્તાનુ કામ હાથ ધરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા કોર્પોરેશન પાસેથી ગ્રાન્ટ મેળવવા દરખાસ્ત કરવામાં આવશે. ત્યારબાદ સે ૧-થી ૫માં રસ્તાના કામો હાથ ધરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

શહેરમાં વરસાદ બાદ મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગોનુ ધોવાણ થતા રસ્તાઓ ઉબડ ખાબડ જોવા મળી રહયા છે. જેમાં ખાસ કરીને નિયત સમયના અંતે આમપણ રસ્તાનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા છે. ત્યારે ચોમાસુ આવી જતા હાલ વરસાદી દિવસોમાં રસ્તાઓની હાલત વધુ દયાજનક બની છે.

નવા સોકટરોમાં મોટાભાગના આંતરિક રસ્તાઓ ઉબડ ખાબડ તેમજ ગાબડા ગ્રસ્ત જોવા મળી રહયા છે. વરસાદી દિવસોની શરૂઆત બાદ માર્ગોની હાલત વધુ કફોડી બની છે. સેકટરોમાં રસ્તાનુ કામ હાથ ધરવા માટે લાંબા સમયથી માંગણી ઉઠવા પામી છે. ત્યારે બીજીતરફ અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા પણ આ




## ધારાસભ્ય અશોક પટેલે તેમના નિવાસસ્થાને વાઈ-ફાઈનું ડિવાઈસ લગાડતાં ટોરેન્ટ પાવરે નોટીસ પાઠવી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોક પટેલને વીજપુરવઠો જે હેતુફેર કરી વાપરવામાં આવી રહ્યો હોવાની વાતને લઈ ટોરેન્ટ પાવર દ્વારા નોટીસ આપવામાં આવતાં ગાંધીનગરના રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે રહેઠાણના વપરાશના હેતુસર વિજ પુરવઠો મેળવવા કરેલ અરજી બાદ ધારાસભ્ય દ્વારા આ વિજ પુરવઠો અન્ય હેતુસર વાપરવામાં આવી રહ્યાનું ધ્યાને આવતાં ટોરેન્ટ સત્તાવાળાઓએ ૩૦ દિવસમાં તે અંગે ખુલાસો કરવા આ નોટીસમાં જણાવ્યું છે.

૩૦ દિવસમાં જો ખુલાસો નહિ કરવામાં આવે તો કંપની હાલ જે હેતુસર તમે વીજળી વાપરી રહ્યા છો તે આધારે બીલની ગણતરી કરી બીલ આપશે તેમ પણ જણાવ્યું છે.

પટેલે હાલ સે. ૭માં પ્લોટ નં. ૨૭૧/૧ માં નિવાસસ્થાન ધરાવે છે. આ નિવાસસ્થાને આજે આ નોટીસ મોકલી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સ્થિત તેમના નિવાસસ્થાને વાઈ-ફાઈનું ડિવાઈસ લગાડ્યુ હોવાથી હેતુ ફેર થતો હોવાનું ટોરેન્ટ પાવર માની રહેલ છે.

ગાંધીનગર શહેરને વાઈ-ફાઈ સીટી બનાવવા અંતર્ગત ૧ હજારથી વધુ મકાનો પર આ પ્રકારના ડિવાઈસ લગાડવામાં આવ્યા હોવાથી ટોરેન્ટ પાવરે આ દિશામાં કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

**જોઈએ છે**

**સીક્યુરીટી ગાર્ડ તથા સુપરવાઈઝર**

**ધોરણ-૧૦ પાસ, ઉંમર-૪૦ સુધી, ગાંધીનગર માટે જ ખાસ, આકર્ષક પગાર**

**મો. : ૯૭૧૨૯ ૭૫૧૩૬**







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com